# બાયડના હમીરપુર ગામે દીકરીની બાધા કરવા મામલે ખૂની ખેલ ખેલાયો

બાયડ, તા. ૨૮

બાયડ તાલુકાના હમીરપુર ગામે પતિએ મહિલા સહીત અન્ય એક વ્યક્તિ સાથે મળી વહેલી સવારે તેની નાની દીકરીની બાધા કરવા જેવી સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી કરી તેની યુવાન પત્નીના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીકી હત્યા કરી નાખી ફરાર થઈ જતા સમગ્ર ગામમાં સન્નાટો છવાયો હતો. મૃતક મહિલાની હત્યાની જાણ તેના પિયરપક્ષ ચોઈલા ગામે થતા હમીરપુર ગામે દોડી આવી ભારે દેકારો મચાવી રોકોક્કળ કરી મૂકી હતી. સમગ્ર ઘટનાની જાણ બાયડ પોલીસેને થતા તાબડતોડ ઘટનાસ્થળે દોડી આવી હતી. મૃતક મહિલાના ૪ વર્ષનો બાળક અને દોઢ વર્ષની બાળકી જોવા ન મળતા ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો અને પોલીસને ઘટનાસ્થળેથી લાશ હટાવવાનો ઈન્કાર કરી દઈ બાળકોની પૂછપરછ કરતા થોડા સમય પોલીસ પણ બંને બાળકોને લઈ અચંબામાં પડી ગઈ હતી. થોડા સમયમાં બંને બાળકો અજ્ઞાત સ્થળેથી મળી આવતા પોલીસે મૃતક મહિલાની લાશનો કબ્જો મેળવી પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.





હમીરપુર ગામે કનુભાઈ પ્રેમજીભાઈ પરમાર સાથે ચોઈલા ગામની ભાવનાબેન સોલંકીને સમાજના રીતરિવાજ મુજબ પરણાવી હતી. બંનેના સુખી લગ્નજીવનના ભાગરૂપે બે બાળકોનો જન્મ થયો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી પતિ-પત્ની વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થતી રહેતી હતી. ત્યારે બુધવારે વહેલી સવારે પાંચ વાગ્યના સુમારે પતિ-પત્ની વચ્ચે નાની દીકરીની બધાને લઈને ઉગ્ર બોલાચાલી થતા ચંદ્રેશભાઈ જેઠાભાઈ પરમાર અને વર્ષાબેન રાજેશભાઈ પરમાર સાથે મેળાપીપણામાં રહી પતિના માથે જાણે કાળ સવાર થતા તેની પત્નીના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકતા લોહીની નદીઓ વહેતા ભાવનાબહેન તરફડીયા ખાઈ મૃત્યુ પામ્યા હતા. મહિલાનુ મોત નિપજતા હત્યારો પતિ તેની દેરાણી વર્ષાબેન અને પિતરાઈ જેઠ ચંદ્રેશભાઈ ઘર છોડી ફરાર થઈ જતા ખૂની ખેલ ખેલાયાની ઘટનાની જાણ ગામલોકોમાં થતા ભારે ચકચાર મચી હતી. મૃતક મહિલાના પિયરિયાઓ મોટી સંખ્યામાં હમીરપુર ગામે દોડી આવ્યા હતા અને ભારે રોષ ફેલાયો હતો. મૃતક મહિલાના બંને બાળકો પણ ઘરે ન મળતા બાળકો અંગે અસમંજસ પેદા થતા હત્યાની ઘટનાના પગલે દોડી આવેલી બાયડ પોલીસ કાફલાને લાશ હટાવવા ઈન્કાર કરી દેતા અને બંને ગુમ બાળકોને શોધવા પોલીસ અને અન્યલોકો જોડાતા બંને બાળકો નજીકના સ્થળેથી રડતી હાલતમાં મળી આવતા પિયરપક્ષના લોકો અને પોલીસે હાશકારો અનુભવ્યો હતો અને પિયરપક્ષના લોકોને સમજાવી મૃતક મહિલાની લાશને પીએમ માટે ખસેડી અમરતભાઈ મગનભાઈ સોલંકી (રહે, આબેડકરનગર ચોઈલા, બાયડ)ની ફરિયાદના આધારે કનુભાઈ પ્રેમજીભાઈ પરમાર (હત્યારો પતિ), વર્ષાબેન રાજેશભાઈ પરમાર (દેરાણી) અને ચંદ્રેશભાઈ જેઠાભાઈ પરમાર (જેઠ) વિરુદ્ધ હત્યાનો ગુન્હો નોંધી ફરાર ત્રણે આરોપીઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

# મોડાસા માર્કેટયાર્ડનું ૧૩ બેઠકોનું પરિણામ જાહેર

**મોડાસા માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેન ચંદુભાઈ પટેલની હાર : પરિવર્તનના ફૂંકાયેલા પવન વચ્ચે મોટા ભાગે પુનરાવર્તન**

મોડાસા, તા. ૨૮

મોડાસા માર્કેટયાર્ડની મંગળવારે યોજાયેલી રસાકસી ચૂંટણીમાં ૯૭ ટકા મતદાન પછી બુધવારે સવારે મોડાસા માર્કેટયાર્ડ કાર્યાલય ખાતે યોજાયેલી મતગણતરીના સ્થળે ઉમેદવારો સહીત મોટી સંખ્યામાં ટેકેદારો ઉમટી પડ્યા હતા. પરિણામો જાહેર થતાની સાથે વિજેતા ઉમેદવારો અને ટેકેદારો ગેલમાં આવી ગયા હતા અને વિજેતા ઉમેદવારોને ફુલહાર પહેરાવી અબીલ-ગુલાલની છોળો ઉછાળી વિજયોત્સવ મનાવ્યો હતો. જયારે હારેલા ઉમેદવારો અને તેમના ટેકેદારોમાં ભારે નિરાશા મળી હતી અને હારજીતના લેખા-જોખામાં લાગી ગયા હતા. મોડાસા માર્કેટયાર્ડની ચૂંટણી જાહેર થઈ ત્યારથી મતદાન થયું ત્યાં સુધી માર્કેટયાર્ડની ચૂંટણીમાં પરિવર્તનની વાતો વચ્ચે પુનરાવર્તન થયું હોય તેમ મોટાભાગની બેઠકો પર



સત્તાધીશોની પેનલમાંથી મોટાભાગના ઉમેદવારો ચૂંટાયા હતા.

મોડાસા માર્કેટયાર્ડની ચૂંટણીના પરિણામોમાં સૌપ્રથમ સહકારી મંડળીની ૧ બેઠકનું પરિણામ જાહેર થતા સાયરાના યુવાન પટેલ વિમલકુમાર જશવંતભાઈને ૩૪માંથી ૨૯ વોટ મળતા ભવ્ય વિજય થયો હતો જયારે તેમની સામે ઉમેદવારી નોંધાવનાર લીંભોઈનાં રાજકીય અને સહકારી અગ્રણી એવા અંબાલાલ ઉપાધ્યને ૪ વોટ મળ્યા હતા. પટેલ ભીખાભાઈ કોદરભાઈને ૧ વોટ મળ્યો હતો જયારે અન્ય બે ઉમેદવારોને તેમનો પોતાનો વોટ પણ મળ્યો ન હતો અને ખાતું પણ ખોલાવી શક્યા ન હતા.

વેપારી વિભાગની ૪ બેઠકો માટેની મતગણતરી શરુ થતા વેપારી પેનલના પરિણામો જાહેરથતા મોડાસા માર્કેટયાર્ડના પૂર્વ વાઈસ ચેરમેન રાકેશ પટેલને સૌથી વધુ ૧૨૬ મત મળતા જંગી વિજય થયો હતો, મુકેશકુમાર રમણલાલ શાહને ૯૧ મત, શાહ નરેન્દ્રકુમાર હીરાલાલને ૯૦ મત, મહંમદ યુનુસ અહેમદભાઈ દધાલિયાવાળા ૮૬ મત મળતા વિજય થયો હતો વેપારી પેનલમાંથી કોંગ્રેસ અગ્રણી નારાયણ પટેલનો પરાજય થયો હતો.

ખેડૂત વિભાગની ૮ બેઠકો માટે મતગણતરી માટે ચૂંટણી અધિકારીઓએ સતર્કતા દાખવતા હોય તેમ છેક ૫ વાગ્યા સુધી મતગણતરી ચાલુ રહી હતી ત્યાર બાદ જાહેર થયેલા પરિણામોમાં સત્તાધીશ ચેરમેન ચંદુભાઈ પટેલ મોડાસાના ભાજપ અગ્રણી હસમુખભાઈ પટેલ અને અશોકભાઈ પટેલનો પરાજય થયો હોવાનું જાણવા મળ્યું હતું.

# હાઈપ્રોફાઈલ લાંચ કેસમાં તપાસનો ધમધમાટ શરૂ

## દોષિત નાયબ કલેકટરને સાથે રાખી પાટણ એસીબીની ટીમે ડીસા નાયબ કલેકટર કચેરીમાં હાથ ધરી છાનબીન

ડીસા, તા. ૨૮

તાજેતરમાં જ ડીસાના ઈન્ચાર્જ નાયબ કલેકટર ઉપાધ્યાય લાંચ લેતા ઝડપાઈ ગયા બાદ સરકારી તંત્રમાં ચાલતો ભ્રષ્ટાચાર સપાટી પર ઉપસી આવ્યો છે. ત્યારે આ ચકચારી લાંચ કેસની તપાસ પાટણ એ.સી.બી.ને સોંપાયા બાદ પાટણ મૂળ સુધી પહોંચવા દોષિત નાયબ કલેકટર સાથે ડીસાની નાયબ કલેકટર કચેરીમાં પહોંચી તપાસ હાથ ધરી હતી. ડીસાના ઈન્ચાર્જ નાયબ કલેકટર વી.કે.ઉપાધ્યાયે અન્ય ડમ્પરોના માલિકો પાસેથી લાંચ લીધી છે કે કેમ તે જાણવા પાટણ એસીબીની ટિમે સંબંધિત ડમ્પર ચાલકોને નાયબ કલેકટર કચેરીમાં



બોલાવી તેમના નિવેદનો લીધા હતા. એસીબીની ટીમે આ ઘટનામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ગત રોજ દોષિત નાયબ કલેકટરને સાથે રાખી પાટણ એસીબીની ટીમે ડીસાની નાયબ કલેકટર કચેરીમાં વધુ તપાસ હાથ ધરી હતી.ડીસામાં છેલ્લા દોઢેક માસથી ઈન્ચાર્જ નાયબ કલેકટર તરીકે ફરજ બજાવતા વી.કે.ઉપાધ્યાય બે દિવસ અગાઉ પાલનપુરના સર્કીટ હાઉસમાં કવોરી સંચાલક પાસેથી દોઢ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા બાદ એસીબી પોલીસે આરોપી નાયબ કલેકટરને પાલનપુર કોર્ટમાં રજુ કરતા કોર્ટે નાયબ કલેકટરને એક દિવસના રિમાન્ડ પર સોંપ્યા છે ત્યારે આ ઘટનાની તપાસ ચલાવી રહેલી પાટણની એ.સી.બી.પોલીસની ટિમે આજે આ લાંચકાંડના

પાટણ એ.સી.બી.ની આ કાર્યવાહીથી ડીસાની નાયબ કલેકટર કચેરીમાં પણ સોંપો પડી ગયો હતો. જોકે પાટણ એ.સી.બી.ના અધિકારીઓએ આ મામલે મીડિયાને કોઈ પણ જાતની માહિતી આપવાનો ઈનકાર કર્યો હતો પરંતુ આ કાર્યવાહી સંપન્ન થયા બાદ પાટણ એ.સી.બી.ની તપાસ ટીમ આરોપી નાયબ કલેકટરને લઈ પરત જવા રવાના થઈ ત્યારે નાયબ કલેકટરે મીડિયા કર્મીઓને જોઈ શાયરાના અંદાજમાં કોમેન્ટ કરતા જણાવ્યું હતું કે કલ આપ લોગ હીરો બના રહે થે, આજ આપ લોગ વિલન બના રહે હોં, કલ આપ ફિર સે હીરો ભી બનાઓગે.

# ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે ચૈત્ર નવરાત્રિની પૂર્ણાહુતિ

ડીસા, તા. ૨૮

શક્તિ ઉપાસનાનું પર્વ એટલે નવરાત્રિ. ભારતીય સંસ્કૃતિમાં મુખ્ય બે નવરાત્રિ પ્રચલિત છે. આસો અને ચૈત્ર. ચૈત્ર નવરાત્રિમાં અનેક સાધકો શક્તિ ઉપાસના, સાધના, અનુષ્ઠાન કરીને દિવ્ય ચેતના પ્રવાહનો વિશેષ લાભ ઉઠાવે છે.



ગત તારીખ ૨૮ માર્ચ ૨૦૧૮ થી તા. ૨૫ માર્ચ ૨૦૧૮ સુધી ડીસા ગાયત્રી શક્તિપીઠમાં અનેક સાધકોએ વિવિધ પ્રકારના અનુષ્ઠાન કરી દિવ્ય ચેતના શક્તિની ઉર્જા પ્રાપ્ત કરી હતી. શક્તિપીઠ પર નોંધાયેલ સાધકોની નોંધણી મુજબ ૩૩ લાખથી વધુ ગાયત્રીમંત્રના જાપ, ૧૭૦૦૦ થી વધુ ગાયત્રી ચાલીસા પાઠ અને ૧.૫૦ લાખથી વધુ ગાયત્રી મંત્રલેખન થયા હતા., અને વિવિધ સંસ્કારો પણ યોજાયા હતા. ઉપરાંત ભગવાન શ્રી રામચંદ્રનો જન્મોત્સવની ઉજવણી પણ કરવામાં આવી. જેમાં શક્તિપીઠ ખાતે સામુહિક અનુષ્ઠાનની વ્યવસ્થા પણ સાધકો માટે કરવામાં આવી હતી.

ગત તારીખ ૨૫ માર્ચ ૨૦૧૮ના રોજ રામનવમીના પાવન પર્વ ઉપર અનુષ્ઠાનની પૂર્ણાહુતિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નવકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં સાધકોએ આહુતિઓ આપી અનુષ્ઠાનની પૂર્ણાહૂતિ કરી હતી. ભગવાન રામનુ વિશેષ ષોડષોપચાર પૂજન અર્ચન, સંગીત અને ભજન-સ્તુતિ અને આરતી થઈ હતી. બપોરે ૧૨ કલાકે ભગવાન રામનો જન્મની ઉજવણીમાં અસંખ્ય ભાવિક શ્રદ્ધાળુઓએ લાભ લીધો હતો. ત્યારબાદ પ્રીતિભોજનનું આયોજન હતુ જેમાં દરેક પરિજનો, સાધકો અને શ્રદ્ધાળુઓએ હોંશે હોંશે લાભ લીધો હતો.



આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ભિલોડામાં તા.૨૭-૩-૨૦૧૮ના રોજ હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લી. તરફથી સીએસઆર સ્કીમ હેઠળ નિયમિત અભ્યાસ કરતા કોલેજના એસટી, એસી, ઓબીસી કેટેગરીના વિદ્યાર્થીઓને આર્થિક સહાયના ભાગરૂપે એચપીસીએલ મેરીટ સ્કોલરશીપ વિતરણ અંગેનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. અધિકારીઓ સલીમ શેખ, નીનામા સાહેબ અને મંડળના ઉપપ્રમુખ અને ભૂતપૂર્વ આચાર્ય ડૉ. બી.કે. ડામોર અને કોલેજના આચાર્ય ડૉ. દિનેશચંદ્ર ચૌબીસા તથા સ્ટાફ મિત્રોની હાજરીમાં ડીમાંડ ડ્રાફ્ટનું વિતરણ કરવામાં આવ્યું. વાલીઓ સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસા હાઈવે વિસ્તારમાં બાઈકની અડફેટે રાહદારી ફંગોળાયો

ડીસા, તા. ૨૮

ડીસા પાલનપુર હાઈવે વિસ્તારમાં થતા અવારનવાર



અકસ્માતોમાં નિર્દોષ લોકો હોમાઈ રહ્યા છે. ત્યારે ડીસા પાલનપુર હાઈવે વિસ્તારમાં રોડક્રોસ કરી રહેલ એક વૃદ્ધ રાહદારી બાઈકની અડફેટે આવી જતા તેમનો એક પગ ભાગી ગયો હતો અને શરીરના વિવિધ ભાગોમાં શખ્સ ઈજા થવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા-પાલનપુર હાઈવે રોડ પર રોડક્રોસ કરી રહેલો એક આધેડ બાઈકને અડફેટમાં આવી જતા તેને પણ તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર પ્રમાણમાં ઈજાઓ થવા પામી હતી. આથી તેમને તાબડતોબ પ્રાઈવેટ રીક્ષા દ્વારા રીક્ષાચાલક અને વેપારી દ્વારા ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. જો કે ડીસાની સરકારી હોસ્પિટલમાં સ્ટાફની લાપરવાહી જોવા મળી હતી. દર્દીને રીક્ષા મારફતે હોસ્પિટલમાં બતાવ્યા ત્યારે સ્ટાફ દ્વારા વ્હીલચેર ન મુકાતા પગ લબડેલી હાલતમાં વૃદ્ધ દર્દીને ઉંચકીને અંદર લઈ જવા પડ્યા હતા. જેના કારણે વૃદ્ધ દર્દીને ભારે કષ્ઠ વેઠવો પડ્યો હતો. ડીસા સિવિલ હોસ્પિટલમાં સ્ટાફની લાલીયાવાડી ઉડીને આંખે વળગી રહી છે. સત્તાવાળાઓ ફોન ઉપાડવાની પણ તસ્દી લેતા નથી. જેના કારણે ઈમરજન્સી વખતે સમસ્યા ગંભીર રુપ લે છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા આ મામલે તપાસ હાથ ધરી આ વિસ્તારની ગરીબ દર્દીઓના હીતમાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# શામળાજી પોલીસે ફુલાવરની થેલીઓમાં ઘુસાડીને ટ્રકમાં લવાતો ૧૮.૯૦ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૨૮

શામળાજી પોલીસે રતનપુર આરટીઓ ચેકપોસ્ટ નજીક આવેલા વેણપુર નજીક રાજસ્થાનથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદ-ઉદેપુર ને. હા. નં. ૮ પર આવેલા વેણપુર ગામની સીમમાંથી શાકભાજીની આડમાં ટ્રક (ગાડી નં. પીબી.૬૫.એફ. ૪૮૨૬)માં સંતાડીને ગેરકાયદેસર વગર પાસ પરમિટનો વિદેશી દારૂની બોટલ નંગ- ૩૭૮૦ની કિંમત રૂ. ૧૮૯૦૦૦નો જથ્થો જપ્ત કરી હરીન્દરસીંગ ગુરૂમુખસીંગ તરખાણી (રહે. રૂપનગર પંજાબ), બિમલ ઢોલેન્દ્ર ખાડકા (રહે. બલોગી, પંજાબ)ની ધરપકડ કરી મોબાઈલ ફોન નં. ૨ કિં. રૂ. ૧૫૦૦ તથા ટ્રકની કિ. રૂ. ૧૦ લાખ મળી કુલ રૂ.



ફુલાવરની શાકભાજી ભરેલ ટ્રક શંકાસ્પદ જણાતા અટકાવી તલાશી લેતા શાકભાજીની આડમાં સંતાડીને લવાતો રૂ. ૧૮.૯૦ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ટ્રકચાલક સહીત અન્ય એક શખ્સની ધરપકડ કરી ૨૮,૯૧,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી દારૂ ભરી આપનાર બીટ્ટુ (રહે. બાપુધામ, હરિયાણા) વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ધરરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# મેઘરજની ભાઠ પ્રા.શાળામાં સ્નેહમિલન શુભેચ્છા સમારંભ યોજાયો

મેઘરજ, તા. ૨૮

મેઘરજ તાલુકાના બાંઠીવાડાની ભાઠ પ્રા. શાળાના ઉપશિક્ષક રામાભાઈ કાંહ્યાભાઈ પટેલ પ્રાથમિક શિક્ષક તરીકેની શૈક્ષણીક સેવાઓ બાદ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા હોવાથી તેમનો સ્નેહમિલન શુભેચ્છા સમારંભ ભાઠ પ્રા. શાળામાં બુધવારે યોજાયો હતો. જેમાં સમારંભના અધ્યક્ષ ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વીજયસિહ જાડેજા મુખ્યમહેમાન, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એ.કે. મોઢ પટેલ વિશેષ અતિથી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રી સતીષભાઈ પટેલ, જીલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ મહેશભાઈ ઉપાધ્યાય, મહામંત્રી ધનજીભાઈ નિનામા તેમજ તાલુકાના શિક્ષણ જગતના અધિકારીયો અગ્રણીયો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.